પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com


# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૩૫, કુલ પાના:૪, તારીખ: ૦૧-૧૦-૨૦૨૦ ગુરૂવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 35 PRICE :-RS. 1.50 DATE : 01-10-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## બિઝનેસ હેતુથી ગરબાને મંજૂરીની શક્યતા નથી, શેરી ગરબા અંગે બેઠક બાદ નિર્ણય લઈશું: નીતિન પટેલ



ગાંધીનગર,

રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે ગાંધીનગર ખાતે યોજાયેલી કેબિનેટ બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરી હતી. પટેલે કહ્યું હતું કે આજની બેઠક બાદ અમને બાબરી વિધ્વંસના ચુકાદાનો કોર્ટે જે નિર્ણય કર્યો છે તે અંગે જાણીને ખુશી થઈ છે. નીતિન પટેલે આ પ્રેસ કોન્ફરન્સમાં નવરાત્રિ અંગે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે નવરાત્રિના આયોજન અંગે રાજ્યસરકારનું સ્ટેન્ડ ખૂબ ક્લિયર છે. તેમણે પત્રકારોને જણાવ્યું કે 'આજે ભારત સરકાર દ્વારા અનલોકની નવી ગાઈડલાઈન જાહેર થશે.


ગુજરાત સરકાર ભારત સરકારની ગાઈડલાઈનને અનુસરી અને તેમાં કેટલી છૂટ આપવી જોઈએ તે નિર્ણય કરશે. આ વર્ષે નવરાત્રિના આયોજન અંગે રાજ્ય સરકારનું સ્ટેન્ડ ખૂબ ક્લિયર છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અગાઉ જાહેરાત કરીને કહ્યું હતું કે અમદાવાદમાં યોજાતા રાજ્ય સરકારના વાઈબ્રન્ટ નવરાત્રિ મહોત્સવને મોકૂફ રાખવામાં આવશે. નીતિન પટેલે ઉમેર્યુ કે 'આ વર્ષે બિઝનેસ હેતુથી યોજાતા પાર્ટી પ્લોટનાં કે અન્ય મોટા આયોજનની દષ્ટીએ સરકાર તરફથી મંજૂરી નહીં મળે. જોકે, અન્ય મોટા આયોજનો અંગે આયોજકોએ સામેથી જ આયોજન ન કરવાનો નિર્ણય કર્યો છે.

રાજ્યમાં ગરબા યોજાવા જોઈએ કે નહીં તે અંગે અમે નિષ્ણાતોના અને તબીબો સાથે નાગરિકોના મત લીધા હતા. આમાં નિષ્ણાતોનો અભિપ્રાય એવો છે કે સરકારે ગરબાનું આયોજન કરવાની પરવાનગી આપવી ન જોઈએ. નીતિન પટેલે ઉમેર્યુ કે 'મોટા આયોજનો શક્ય નથી ત્યારે લોકો માતાજીની આસ્થા અને ભક્તિ માટે શેરીમાં જે ગરબીઓ કરે છે, તેમને કઈ રીતે પરવાનગી આપી શકાય કે આવા આયોજનો મર્યાદિત સંખ્યામાં કેવી રીતે યોજી શકાય તે અંગે હજુ કોઈ નિર્ણય કરાયો નથી. અમે સરકારની બેઠકમાં આ વિષય મૂકીને તે અંગે યોગ્ય નિર્ણય કરીશું.

## ભારત, ચીન અને રશિયાએ મૃતકોની સાચી સંખ્યા આપી નથી

વોશિંગટન

અમેરિકામાં રાષ્ટ્રપતિ ચૂંટણીથી ઠીક પહેલાં આયોજિત ઓફિશિયલ પ્રેસિડેંશિયલ ડિબેટમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કોરોના વાયરસથી મોતને લઈ ભારત પર મોટો આરોપ લગાવ્યો છે. તેઓએ પોતાના પ્રતિદ્વંદી જો બાઈઝડના સવાલ પર કહ્યું કે, તમે નથી જાણતાં કે ભારત, ચીન અને રશિયામાં કેટલાં લોકો મરી ગયા



છે. ભારત, ચીન અને રશિયાએ મૃતકોની સાચી સંખ્યા આપી નથી.

ટ્રમ્પે બાઈડન પર પ્રહાર કરતાં કહ્યું કે, જો બાઈડેન રાષ્ટ્રપતિ હોત તો અમેરિકામાં ઓછામાં ઓછાં ૨૦ લાખ લોકોનાં મોત નિપજ્યા હોત. તો બાઈડેને પણ ટ્રમ્પ પર પલટવાર કરતાં કહ્યું કે, ટ્રમ્પે વ્યવસ્થા કરી અને રાહ જોઈ. ટ્રમ્પની પાસે અત્યારે પણ કોઈ પ્લાન નથી. ફંડ નથી, જેનાથી લોકોનો જીવ બચાવી શકાય. ડિબેટ દરમિયાન ટ્રમ્પે આરોપ લગાવ્યો કે, ભારત, ચીન અને રશિયાએ કોરોનાથી મોતોનાં સાચા આંકડા આપ્યા નથી.

ટ્રમ્પનાં આ જવાબ પર બાઈડેને કહ્યું કે, આ તે જ વ્યક્તિ છે કે જે એ દાવો કરી રહ્યા હતા કે ઈસ્ટર સુધી કોરોના વાયરસ ખતમ થઈ જશે. માસ્ક નહીં પહેરવાના સવાલ પર ટ્રમ્પે કહ્યું કે, જ્યારે મને જરૂરિયાત સમજમાં આવે છે ત્યારે હું માસ્ક પહેરું છું. હું બાઈડેનની જેમ માસ્ક પહેરતો નથી. જ્યારે પણ તમે તેમને જોવો છો તો તેઓ માસ્કમાં જ દેખાઈ છે. તે ૨૦૦ મીટર દૂરથી બોલતાં રહેશે પણ માસ્ક પહેરીને રાખશે. ટ્રમ્પે બાઈડેનને કહ્યું કે, તમે નથી ઈચ્છતા કે કોરોનાને જોતાં ચીન માટે આપણે દરવાજા બંધ કરી દેવા જોઈએ કેમ કે, તમે સમજતાં હતા કે તે ભયાનક છે. તેના પર બાઈડેને કહ્યું કે, કોરોના વાયરસથી મોટી સંખ્યામાં લોકો મરી રહ્યા છે અને જો સ્માર્ટ અને ઝડપી પગલાં નહીં ઉઠાવીએ તો લોકો હજુ પણ મરશે. જો બાઈડેને આકરી ટિપ્પણી કરતાં કહ્યું કે, ટ્રમ્પ અત્યાર સુધીના સૌથી ખરાબ રાષ્ટ્રપતિ છે.

## દેશમાં કોરોનાના કેસમાં વધારો, છેલ્લા ૨૪ કલાકમાં ૮૦,૪૭૨ નવા કેસ



ન્યુ દિલ્હી,

દેશમાં કોરોના વાયરસથી સંક્રમિત થનારા લોકોની સંખ્યા ૬૨ લાખને પાર થઈ ગઈ છે. જેની સામે ૫૧ લાખથી વધુ લોકો સાજા થઈ ગયા છે. પરંતુ કોવિડ-૧૯ સામે લડતાં ૯૭ હજારથી વધુ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૮૦,૪૭૨ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૧,૧૭૯ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૬૨,૨૫,૭૬૪ થઈ ગઈ છે. નોંધનીય છે કે, ભારતમાં કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૫૧ લાખ ૮૭ હજાર ૮૨૬ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. હાલ ૯,૪૦,૪૪૧ એક્ટિવ કેસો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૯૭,૪૯૭ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. બીજી તરફ, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ બુધવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૨૯ સપ્ટેમ્બર સુધીમાં ભારતમાં કુલ ૭,૪૧,૯૬,૭૨૯ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, મંગળવારના ૨૪ કલાકમાં ૧૦,૮૬,૬૮૮ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

## ફાયર સેફટીનો યોગ્ય રીતે અમલ થાય તે જરૂરી છે: હાઈકોર્ટ

અમદાવાદ,

હાઈકોર્ટમાં ફાયર સેફટી અંગે થયેલી અરજીના મામલે આજે હાઈકોર્ટમાં ઓનલાઈન સુનાવણી હાથ ધરાઈ હતી. હાઈકોર્ટમાં ફાયર સેફટીનો અમલ ન થતું હોવાની અરજી કરાઈ હતી. કોર્ટે આ મુદ્દે સરકારને રિપોર્ટ રજૂ કરવા આદેશ કર્યો હતો. જેમાં ચોંકાવનારા ખુસાસા સામે આવ્યા છે. હાઈકોર્ટમાં ફાયર સેફટી અંગે થયેલી અરજીના મામલે આજે હાઈકોર્ટમાં ઓનલાઈન સુનાવણી હાથ ધરાઈ હતી. હાઈકોર્ટમાં ફાયર સેફટીનો અમલ ન થતું હોવાની અરજી કરાઈ હતી.

કોર્ટે આ મુદ્દે સરકારને રિપોર્ટ રજૂ કરવા આદેશ કર્યો હતો. કોર્ટમાં ચીફ ફાયર ઓફિસર એમ.એફ.દસ્તુરે સોગંદનામુ રજૂ કર્યો છે. જેમાં ૧૨૦૦ હોટેલ-રેસ્ટોરન્ટમાંથી ૪૫૦ રેસ્ટોરન્ટ પાસે ફાયર સેફટીનું એનઓસી ન હોવાનો ઉલ્લેખ કરાયો છે. ૭૦૦ જેટલી હોસ્પિટલમાં ફાયર સેફટી ન હોવાનો સોગંદનામાંમાં ઉલ્લેખ છે તેમજ ૧૮૫ ટ્યુશન કલાસીસમાં ફાયર સેફટી ન હોવાનો સોગંદનામાં ઉલ્લેખ કરાયો છે.



# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકામાં બે વિદ્યાર્થીઓ માતા-પિતાની છત્રછાયા ગુમાવતા પાલક માતા-પિતા યોજના આશીર્વાદરૂપ પુરવાર

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં ખાનપુર તાલુકાના વાંકા ગામનો પંચાલ કરકુમાર શૈલેષભાઈ ૨ વર્ષથી તથા વેરૈયા ગામનો પટેલ હિતેશકુમાર મહેશભાઈ ૫ વર્ષથી પાલક માતા-પિતા યોજનાનો લાભ લઈ પોતાના ભવિષ્યને ઉજ્જ્વળ બનાવવા દિવસ રાત એક કરી અભ્યાસ કરી પ્રગતિ ના પંથે આગળ વધી રહ્યા છે. જે પૈકી પંચાલ કરકુમાર પરિવારના વયોવૃધ્ધ દાદા પર ઘરના ૭ વ્યકિતના ભરણ પોષણની જવાબદારી આવી પડી હતી. જયારે પટેલ હિતેશકુમાર મહેશભાઈના દાદા ઉપર ઘરના ૯ સભ્યોના ગુજરાનની જવાબદારી આવી પહોંચી હતી. મોંઘવારીના આ સમયમાં ઘરના વડીલો પર આફત તૂટી પડી હતી પરિવારનું ગુજરાન કઈ રીતે ચલાવવું એ પ્રશ્ન હતો. ત્યાં બંને પિતા વગરના સંતાનોના ભણતરની સતત ચિંતા સતાવતી હતી ત્યારે રાજય સરકારની પાલક માતા-પિતા યોજના તેમના વહારે આવી.

દાદા સામે મોટો પ્રશ્ન ઉભો હતો. આવી વિકટ પરિસ્થિતિમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત રાજયની અને જિલ્લા બાળ સુરક્ષા એકમની કચેરીમાં ચાલતી પાલક માતા-પિતા યોજના તેમને મદદરૂપ થઈ. અને જિલ્લા બાળ સુરક્ષા એકમ મહિસાગરની કચેરી જરૂરી ફોર્મ, આધાર પુરાવાઓ લઈ તપાસીને સ્પોન્સરશીપ એન્ડ ફોસ્ટરકેર એપ્રુવલ સમિતિમાં અરજી રજુ કરી જેને સમિતિએ અરજી મંજુર કરી હતી. હાલ બંને વિદ્યાર્થીઓ પાલક માતા-પિતા યોજનાનો લાભ મેળવીને તેઓનો ઉચ્ચ અભ્યાસ ચાલુ રાખ્યો.

વાંકા ગામનો પંચાલ કરકુમાર શૈલેષભાઈએ જણાવ્યું કે પાલક માતા-પિતા યોજનાનો લાભ મેળવી હાલ એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજમાં સિવિલ એન્જીનીયરનો અભ્યાસ કરી રહ્યો છું. જયારે વેરૈયા ગામનો પટેલ હિતેશકુમાર મહેશભાઈએ જણાવ્યું હતું કે આ યોજનાનો લાભ મેળવી હાલ કામધેનું યુનિવર્સીટી, ગાંધીનગર અંતર્ગત ડેરી સાયન્સ કોલેજ, અમરેલી ખાતે ઉચ્ચ અભ્યાસ માટે એડમીશન લઈ અભ્યાસ કરી રહ્યો છું. આ યોજના અમારા માટે રાજય સરકારની પાલક માતા-પિતા યોજના ખુબ જ આશીર્વાદરૂપ પુરવાર થઈ છે જેના થકી અમે અમારા ભવિષ્યને ઉજ્જ્વળ બનાવ્યું છે. માટે આ યોજનાનો લાભ આપવા બદલ સરકાર સામે આભારની લાગણી પ્રગટ કરી હતી.

જિલ્લા બાળ સુરક્ષા અધિકારી નીરવ પંડયાએ જણાવ્યું કે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સમાજ સુરક્ષા ખાતાની અને જિલ્લા બાળ સુરક્ષા એકમની કચેરી ખાતે કાર્યરત પાલક માતા-પિતા યોજના હેઠળ ૧૮થી નીચેના એવા બાળકો જેઓના માતા-પિતા મરણ પામેલ છે અથવા પિતાના મૃત્યુ બાદ માતાએ પુનઃલગ્ન કરેલ હોય અને તેના બાળકો તેમની સાથે ન રહેતાં હોવા જોઈએ પરંતુ આવા બાળકો તેમના પરિવારના દાદા-દાદી, નાના-નાની કે અન્ય કુટુંબીજન સાથે રહી અભ્યાસ કરતા હોય તેવા બાળકોને દર મહીને રૂપિયા ૩૦૦૦/-ની સહાય બાળક કે બાળકી ૧૮ વર્ષની થાય ત્યાં સુધી ઉઈઝ ના માધ્યમથી ચુકવવામાં આવે છે. હાલ મહિસાગર જીલ્લામાં અત્યાર સુધી કુલ-૬૧૮ જેટલા બાળકો આ પાલક માતા-પિતા યોજનાનો લાભ મેળવી રહેલ છે.

## સરકારની ૧૧૮ પ્રકારની સેવાઓ https://www.digitalgujarat. gov. in પરથી ઘર બેઠા મેળવી શકશે

લુણાવાડા, રાજય સરકાર દ્વારા રાજયના નાગરિકોને વિવિધ ૧૧૮ પ્રકારની સેવાઓ ઘર બેઠા આંગળીના ટેરવે મળે તે માટે ૨૦૧૬થી https://www.digitalgujarat.gov.in પર વિવિધ સેવાઓ ઉપલબ્ધ કરાવી છે.સરકારની આ વેબસાઈટ પર ડોમીસાઈલ પ્રમાણપત્ર, આવકના દાખલા, રેશનકાર્ડની સેવાઓ, સિનિયર સીટીઝન, વારસાઈ સહિત અનેક સેવાઓ આ પોર્ટલ પર ઉપલ્બધ કરાવી છે જેનો લાભ લેવા જિલ્લા કલેકટર આર. બી. બારડે જિલ્લાના નાગરિકોને અપીલ કરી છે.

જિલ્લા કલેકટર આર. બી. બારડે જણાવ્યું છે કે સરકારી કચેરીમાં પ્રત્યક્ષ જવાને બદલે ઘર બેઠા ઓનલાઈન સેવાઓ મળે તે ડિજીટલ ગુજરાત પોર્ટલનો મુખ્ય હેતુ છે. વર્તમાન સમયમાં કોવિડ-૧૯ની સ્થિતિમાં લોકો સુરક્ષિત રહે તે માટે આ પ્રકારની સેવાઓ માટે બહાર જવાને બદલે ઘર બેઠા સેવાઓ મેળવવી તે આપણા સૌના હિતમાં છે. ડિજીટલ પોર્ટલની સેવાઓથી નાગરિકોના સમય અને નાણાંની પણ બચત થાય છે.

મહીસાગર જિલ્લાના નાગરિકો https://www.digitalgujarat.gov.in સાઈટ પર રજિસ્ટ્રેશન કરાવી આ તમામ સેવાઓનો લાભ મેળવી શકે છે. આ પોર્ટલ પર ડીજીટલ લોકર, ઈ-પેમેન્ટ, પ્રોફાઈલ, ડોક્યુમેન્ટ વેરીફીકેશન સહિત અનેક સેવાઓ નાગરિકોને મળે છે. નાગિરકો દ્વારા ઓનલાઈન કરેલ સેવાઓના પ્રમાણપત્ર ઈ-મેઈલ તેમજ પોસ્ટ મારફતે નાગરિકોને ઘર બેઠા મળી જાય છે. આ સાઈટ પર માત્ર એકવાર રજિસ્ટ્રેશન કરવાનું થાય છે જેમાં અરજદાર કે નાગરિકો તેમના મેઈલ અને મોબાઈલ નંબર સાથે રજિસ્ટ્રેશન કરાવી શકે છે. રજિસ્ટ્રેશન બાદ પ્રોફાઈલ અપડેટ કર્યા બાદ દરેક નાગરિક તમામ પ્રકારની ઉપલ્બધ સેવાઓ સરળતાથી મેળવી શકે છે.

મહીસાગર જિલ્લામાં ઘણા નાગરિકો આ સેવાઓનો ઉપયોગ કરી રહયા છે. ત્યારે જિલ્લાના ટેકનો સેવી નાગરિકો આ સેવાઓનો અવિરત અને વધુમાં વધુ ઉપયોગ કરે તે હિતાવહ છે.

## હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર વડાઝાપા-પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માલવણ ખાતે હર્બલ ગાર્ડન બનાવવામાં આવ્યું


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, કોરોનાની મહામારીમાં જિલ્લાના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા અને રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય અને તેમની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે જિલ્લા કલેકટર આર.બી બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ જિલ્લા આયુર્વેદિક અધિકારીની રાહબરી હેઠળ આયુષ મંત્રાલયના દિશા નિર્દેશ પ્રમાણે જિલ્લા-તાલુકા અને ગ્રામ્ય સ્તર સુધીના આરોગ્યના કર્મીઓ સતત અવિરતપણે પોતાની ફરજો અદા કરી રહ્યા છે.

કોરોના વાઈરસની મહામારીની સાથોસાથ જિલ્લાના નાગરિકો અને ખાસ કરીને સગર્ભા માતાઓની આરોગ્યતા અને તંદુરસ્તી જળવાઈ રહે તે માટે પણ આરોગ્ય કર્મીઓ સતત તેઓની રોગપ્રતિકારક શકિતમાં વધારો થાય તે માટેની પણ ચિંતા કરી રહ્યા છે.

સગર્ભા માતાઓને તેઓના આ સમય દરમિયાન ખાસ કરીને તેઓની રોગપ્રતિકારક શકિત જળવાઈ રહેવાની સાથોસાથ લોહીનું પ્રમાણ જળવાઈ રહે તે માટે આરોગ્ય કર્મીઓ તેની અવાર-નવાર મુલાકાત લેતાં હોય છે. આ મહિલાઓને રોગપ્રતિકારક શકિતમાં વધારો થાય તે માટે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર વડાઝાપા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માલવણ ખાતે આરોગ્ય કર્મીઓએ હર્બલ ગાર્ડન બનાવ્યું છે.

આ હર્બલ ગાર્ડનમાં રોગપ્રતિકારક શકિતમાં વધારો કરતા એવા સરગવો, અરડૂસી, તુલસી, કુંવારપાઠું અને ગળો જેવા ઔષધિય છોડોની સાથે રીંગણ, કાકડી, ભીંડા, દૂધી અને વાલોળ જેવા શાકભાજી ઉગાડવામાં આવી રહ્યા છે. જે સગર્ભા માતાઓને આપવામાં આવે છે.

## રાજયના મીઠાઈ ઉત્પાદકોએ મીઠાઈના કન્ટેનર/ ટ્રે ની ઉપર બેસ્ટ બિફોર ડેટ ફરજીયાત દર્શાવવી પડશે

લુણાવાડા, રાજયના મીઠાઈ ઉત્પાદકોએ આજે તા.૧લી ઓક્ટોબર-૨૦૨૦થી આઉટલેટ ઉપર વેચાણ માટે રાખવામાં આવેલી નોન પેકેજડ કે લુઝ મીઠાઈ ના કન્ટેનર/ટ્રે ની ઉપર જે તે પ્રોડકટની “Best Before Date” ફરજીયાતપણે દર્શાવવાની રહેશે તેમ રાજયના ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડૉ. એચ.જી.કોશિયાએ જણાવ્યુ છે.

પરંપરાગત રીતે બનતી દુધની મીઠાઈની સલામતી માટે FSSAI દ્વારા તૈયાર કરવામાં આવેલી ગાઈડલાઈનમાં અલગ-અલગ પ્રકારની મીઠાઈઓની સેલ્ફ લાઈફ દર્શાવવામાં આવી છે. જે FSSAIની વેબસાઈટની www.fssai.gov.in પર ઉપલબ્ધ છે. FSSAIના આદેશ અનુસાર ફુડ બીઝનેસ ઓપરેટર્સએ ખાદ્ય ચીજ વસ્તુના પ્રકાર તથા સ્થાનીક પરિસ્થિતિને આધારે બેસ્ટ બિફોર ડેટ નક્કી કરીને ફરજિયાત દર્શાવવાની રહેશે.

આઉટલેટ ઉપર વેચાણ માટે રાખેલા નોન પેકેજડ/લૂઝ મીઠાઈના કન્ટેનર/ટ્રે ની ઉપર ફુડ બિઝનેસ ઓપરેટર ડેટ ઑફ મેન્યુફેક્ચરીંગ પણ દર્શાવી શકશે જે મરજિયાત અને અબાધિત છે. પરંતુ બેસ્ટ બીફોર ડેટ ફરજિયાત લખવાની રહેશે તેમ ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનરએ વધુમાં જણાવ્યુ છે.

## મહીસાગર જિલ્લાના નિવૃત રમતવીરોને પેન્શન યોજનાનો લાભ લેવા અંગે

લુણાવાડા, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર દ્વારા નિવૃત રમતવીર પેન્શન યોજના અમલમાં છે તો નિવૃત રમતવીરોએ રમત ગમત ક્ષેત્રે નોધ પાત્ર સિદ્ધી મેળવી હોય તેવા મહીસાગર જિલ્લાના પાત્રતા ધરાવતા નિવૃત રમતવીરોએ જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, રૂમ નંબર-૨૩૨ બીજે માળ કલેક્ટર કચેરી લુણાવાડા- મહીસાગર ખાતે રૂબરૂ માં મળી તારીખ ૦૯/૧૦/૨૦૨૦ સુધીમાં અરજી કરવાની રહેશે. નિવૃત રમતવીર માટેની પાત્રતા, ગુજરાતના વતની અને ૫૦ વર્ષથી વધુ ઉમરના હોવા જોઈએ, રાષ્ટ્રકક્ષાએ વ્યક્તિગત રમતમાં ગોલ્ડ,સિલ્વર કે બ્રોન્ઝ મેડલ મેળવેલ હોય કે રાષ્ટ્રકક્ષાએ યોજાતી સાંધિક રમતમાં રાજય તરફથી નેશનલ માટે મોકલેલી ટીમના સભ્ય હોય અને રાજયની તેવી ટીમે ગોલ્ડ,સિલ્વર કે બ્રોન્ઝ મેડલ મેળવેલ હોય,તેવી વિજેતા ટીમના સભ્યને જ પેન્શન મળવા પાત્ર થાય, આવકમર્યાદા લાગુ પડતી નથી તેમ જિલ્લા રમત ગમત અધિકારી ની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## કોરોના કહેર વચ્ચે શહેરમાં ચિકનગુનિયાએ માથું ઊંચકતા લોકોમાં ચિંતા

અમદાવાદ, અમદાવાદમાં એક બાજુ કોરોનાએ કાળો કહેર વર્તાવ્યો છે, તો બીજી બાજુ તંત્રએ ૨૭ વિસ્તારોમાં રાત્રે ૧૦.૦૦ વાગ્યા પછી દુકાનો પર તાળા મારવાનું ફરમાન કર્યુ છે. આ બધાની વચ્ચે અમદાવાદમાં વધી રહ્યા છે ચિકનગુનિયાના કેસ. દરેક સોસાયટી મહોલ્લામાં એક સાથે સૌથી વધારે કેસ મળી રહ્યા છે. અમદાવાદ કોર્પોરેશનના આંકડા પ્રમાણે અમદાવાદમાં સપ્ટેમ્બર મહિનામાં ૧૨૩૪ જેટલા કેસ નોંધાયા છે. પરંતુ હકીકત કંઈક અલગ છે. આ જાણવા અમે તપાસ કરી તો માલૂમ થયું કે અમદાવાદ ના ૪૮ વોર્ડમાં આશરે રોજના આશરે ૩૦૦ થી ૪૦૦ કેસ ચિકનગુનિયા ના સામે આવે છે એટલે કે રોજ ના ૩૦૦ થી ૪૦૦ કેસ આવે છે.

વરસાદ બાદ અમદાવાદ શહેરની હાલત જે પ્રકારે છે તે હાલત કદાચ આ પહેલા ક્યારેય નહોતી વર્ષ ૨૦૨૦માં અમદાવાદ શહેરમાં કોરોનાવાયરસ ના પ્રકોપ છે હવે ચીકનગુનિયા મેલેરિયા અને ડેન્ગ્યુના મરછરો નો ઉપદ્રવ વધી ગયો છે અમદાવાદ શહેરમાં દિવસે દિવસે ચિકનગુનિયાના કેસ વધી રહ્યા છે. ગુરુના વાયરસની કે અમદાવાદ શહેરના શહેરીજનો મ્યુનિસિપલ હોસ્પિટલમાં જતા નથી જેથી ચોપડે આંક નોંધાતા નથી.નાના દવાખાના અને હોસ્પિટલમાં લોકો સારવાર માટે પહોંચે છે જેનો રિપોર્ટ અમદાવાદ મહાનગર પાલિકા પાસે નથી આવા કારણે ચોપડે તો આંખ ઓછા નોંધાય છે.

## મોડાસાનું ઈટાડી ગામે ૭ ઓક્ટોમ્બર સુધી સ્વયંભૂ લોક ડાઉન રહેશે

અરવલ્લી, કોરોનાની મહામારીને પગલે અરવલ્લીના મોડાસામાં ઈટાડી ગામે સ્વંયભૂ લોકડાઉન કરવામાં આવ્યું છે. એટલું જ નહીં પરંતુ અંબાજી મંદિરના દ્વાર પણ બંધ કરવામાં આવ્યા છે. અરવલ્લીના મોડાસાના ઈટાડી ગામે વધતા જતાં કોરોના કેસના કારણે ઈટાડી ગ્રામ પંચાયતે લોકડાઉન જાહેર કર્યું છે. મોડાસાના ઈટાડી ગામે ૭ ઓક્ટોમ્બર સુધી સ્વયંભૂ લોક ડાઉન રહેશે. આવતી કાલે પૂનમ હોવાથી અંબાજીના મંદિરમાં પણ લોકોનો ધસારો રહેવાની શક્યતાને જોતા મંદિર બંધ રાખવાનો કરાયો છે. મોડાસાના ઈટાડી ગામે દુકાનો સવારે ૭ થી ૧૧ સુધી ખુલ્લી રહેશે તેમજ તમામ લોકોએ માસ્ક પહેરવું ફરજિયાત રહેશે. લોકડાઉનના નિયમનું ઉલ્લંઘન કરનાર સામે કાર્યવાહી કરાશે.


## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨, વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૧-૧૦-૨૦૨૦, ગુરૂવાર, અધિક આસો સુદ-૧૫
સૂર્યોદય-૬-૩૯, સૂર્યાસ્ત-૬-૩૪, જૈન નવકારશી-૭-૨૭,
આજની રાશિ : મીન (દ.ચ.ઝ.થ.), નક્ષત્ર: ઉત્તરાભાદ્રપદ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૬-૩૯થી શુભ-૮-૦૯ સુધી, ૧૧-૦૭થી ચલ-લાભ-અમૃત-૧૫-૩૫ સુધી, ૧૭-૦૪થી શુભ-અમૃત-ચલ-૨૧-૩૫ સુધી<br><br>- શુભ હોરા-<br>૬-૩૯થી ૭-૩૯ સુધી, ૯-૩૮થી ૧૨-૩૬ સુધી, ૧૩-૩૬થી ૧૪-૩૫ સુધી, ૧૬-૩૪થી ૧૯-૩૪ સુધી |

### ૨૮ વર્ષ બાદ બાબરી ધ્વંસ કેસમાં લખનઉની સ્પેશિયલ CBI કોર્ટે આપ્યો ઐતિહાસિક ચુકાદો

# અડવાણી, જોશી-ઉમા સહીત ૩૨ આરોપીયો થયા કલંક મુક્ત



લખનઉ, બાબરી વિધ્વંસ કેસ મામલે લખનઉની સ્પેશિયલ સીબીઆઈ કોર્ટે ચૂકાદો આપ્યો છે. બાબરી ધ્વંસ મામલે સીબીઆઈની વિશેષ કોર્ટે તમામ આરોપીને નિર્દોષ જાહેર કર્યા છે. ૬ ડિસેમ્બર ૧૯૯૨ના દિવસે થયેલી ઘટનાને કોર્ટે પૂર્વનિયોજીત ન હોવાનું જણાવ્યું છે. લાલ કૃષ્ણ અડવાણી, ભાજપના પૂર્વ અધ્યક્ષ મુરલી મનોહર જોશી, ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી કલ્યાણસિંહ, ઉમા ભારતી, વિનય કટિયાર સહિત ૩૨ને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે. ૨૮ વર્ષ પહેલાં ૬ ડિસેમ્બર ૧૯૯૨માં અયોધ્યામાં કારસેવકોએ બાબરી મસ્જિદની ઈમારત તોડી પાડી હોવાનો આરોપ લાગ્યો. જેમાં ઈમારત તોડી પાડવાનો આરોપ લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશી સહિત ૪૮ લોકો પર લગાવવામાં આવ્યો હતો. તેમાંથી ૧૬ લોકોનાં નિધન થઈ ગયાં છે. સીબીઆઈની સ્પેશિયલ કોર્ટના જજ એસકે યાદવે બાબરી ધ્વંસ મામલે ચૂકાદો સંભળાવતાં કહ્યું કે, આ ઘટના પૂર્વનિયોજિત ન હતી અને જે ઘટના ઘટી તે અચાનક ઘટી હતી. આ સાથે જજ એસકે યાદવે લાલકૃષ્ણ અડવાણી, ઉમા ભારતી, મુરલી મનોહર જોશી સહિતનાં તમામ ૩૨ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા. બાબરી ધ્વંસ મામલે ફેંસલો સંભળાવતા જજ યાદવે કહ્યું કે, વીએચપી નેતા અશોક સિંઘલની સામે કોઈ પુરાવા નથી.

ચૂકાદામાં કહેવાયું કે, ફોટો-વીડિયો, ફોટોકોપીમાં જે રીતે પુરાવા આપવામાં આવ્યા છે, તેનાથી કાંઈ સાબિત થતું નથી. આ ઉપરાંત કોર્ટે માન્યું કે જે ફોટો અને વીડિયો પુરાવા તરીકે રજૂ કરાયા છે તે ટેમ્પર્ડ છે. આ સાથે કોર્ટે ફોટો-વીડિયોને પુરાવા તરીકે માનવા ઈંકાર કરી દીધો હતો. તેમજ કોર્ટે કહ્યું કે, કેટલાક આરોપીઓએ લોકોને રોકવાનો પ્રયાસ કર્યો હતો. લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોષી, કલ્યાણ સિંહ, ઉમા ભારતી, વિનય કટિયાર, સાધ્વી ૠતંભરા, મહંત નૃત્ય ગોપાલ દાસ, ડૉ. રામ વિલાસ વેંદાતી, ચમ્પત રાય, મહંત ધર્મદાસ, સતીશ, પ્રધાન, પવન કુમાર પાંડે, લલ્લૂ સિંહ, પ્રકાશ શર્મા, વિજય બહાદુર સિંહ, સંતોષ દુબે, ગાંધી યાદવ, રામજી ગુપ્તા, બ્રજ ભૂષણ શરણ સિંહ, કમલેશ ત્રિપાઠી, રામચંદ્ર ખત્રી, જય ભગવાન ગોયલ, ઓમ પ્રકાશ પાંડે, અમરનાથ ગોયલ, જયભાન સિંહ પવૈયા, સાક્ષી મહારાજ, વિનય કુમાર રાય, નવીન ભાઈ શુકલા, આરએન શ્રીવાસ્તવ, આચાર્ય ધર્મેન્દ્ર દેવ, સુધીર કુમાર કક્કડ અને ધર્મેન્દ્ર સિંહ ગુર્જર. લખનઉની સ્પેશિયલ સીબીઆઈ કોર્ટ આ મામલે ચૂકાદો આપી દીધો છે.

લાલકૃષ્ણ અડવાણી અને ઉમા ભારતી સહિત ૬ આરોપીઓ કોર્ટમાં હાજર રહ્યા ન હતા. બાબરી ધ્વંસ કેસ પર ચુકાદાના સમયે પાંચ આરોપી લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશી, ઉમા ભારતી, શિવસેના સાંસદ રહેલા સતીશ પ્રધાન, શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના અધ્યક્ષ મહંત નૃત્યગોપાલ દાસ હાજર રહ્યા નવ હતા. અયોધ્યામાં રામ મંદિરના નિર્માણના શુભાંરભ થવાની સાથે બાબરી કેસ અંગે પણ ચૂકાદો આવી ગયો છે. સીબીઆઈના સ્પેશિયલ જજ સુરેન્દ્ર કુમાર યાદવ આજે આ મામલે નિર્ણય સંભળાવ્યા બાદ રિટાયર થઈ જશે. બાબરી ધ્વંસ કેસમાં કુલ ૪૯ આરોપીઓ હતા પણ ૧૭ આરોપીઓના નિધન થઈ ગયા છે. ૬ ડિસેમ્બર ૧૯૯૨ના રોજ બાબરી મસ્જિદ તોડ્યા બાદ ફૈઝાબાદમાં બે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. એફઆઈઆર નંબર ૧૯૮ લાખો કારસેવકોની સામે હતી જ્યારે એફઆઈઆર નંબર ૧૯૮ સંઘ પરિવારના કાર્યકર્તાઓ સહિત આડવાણી, જોશી, તત્કાલીન શિવસેના નેતા બાલ ઠાકરે, ઉમા ભારતી વગેરેની સામે હતી.

### ચુકાદા બાદ નેતાઓની પ્રતિક્રિયા

આ કેસમાં આરોપી રહેલા ભાજપના દિગ્ગજ નેતા મુરલી મનોહર જોશીએ કહ્યું કે આ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો છે. જેનાથી સાબિત થાય છે કે અયોધ્યામાં ૬ ડિસેમ્બરના રોજ ઘટેલી ઘટના કોઈ ષડયંત્ર નહતું. અમારો કાર્યક્રમ અને રેલીઓ કોઈ ષડયંત્રનો ભાગ નહતી. અમે ખુશ છીએ, દરેકે હવે રામ મંદિરના નિર્માણને લઈને ઉત્સાહિત હોવું જોઈએ.

સીબીઆઈની વિશેષ કોર્ટ દ્વારા નિર્દોષ છૂટેલા આચાર્ય ધર્મેન્દ્રએ કહ્યું કે આ તો પહેલી ઝાંખી છે, કાશી મથુરા બાકી છે. અત્રે જણાવવાનું કે આ કેસમાં કુલ ૪૯ લોકોને આરોપી બનાવવામાં આવ્યા હતાં. જેમાથી ૧૭ લોકોનું મૃત્યુ થયું છે જ્યારે બાકીના ૩૨ લોકોને આજે કોર્ટે નિર્દોષ છોડી મૂક્યા છે.

દેશના રક્ષામંત્રી અને પૂર્વ ભાજપ અધ્યક્ષ રાજનાથ સિંહે કહ્યું કે લખનઉની વિશેષ કોર્ટ દ્વારા બાબરી મસ્જિદ વિધ્વંસ કેસમાં શ્રી લાલકૃષ્ણ અડવાણી, શ્રી કલ્યાણ સિંહ, ડો.મુરલી મનોહર જોશી, ઉમાજી સહિત ૩૨ લોકોને કોઈ પણ ષડયંત્રમાં સામેલ ન હોવાના નિર્ણયનું હું સ્વાગત કરું છું. આ નિર્ણયથી સાબિત થયું છે કે ભલે મોડું પણ ન્યાયની જીત થઈ છે.

કોર્ટના નિર્ણયનું સીએમ યોગી આદિત્યનાથે સ્વાગત કર્યુ છે. તેમણે કહ્યું કે સત્યમેવ જયતે મુજબ સત્યની જીત થઈ છે. તેમણે એમ પણ કહ્યું કે આ ચુકાદો સ્પષ્ટ કરે છે કે તત્કાલિન કોંગ્રેસ સરકાર દ્વારા રાજનીતિક પૂર્વાગ્રહથી ગ્રસ્ત થઈને વોટબેંકની રાજનીતિ માટે દેશના પૂજ્ય સંતો, ભારતીય જનતા પાર્ટીના નેતાઓ, વિશ્વ હિન્દુ પરિષદના પદાધિકારીઓ અને સમાજના વિભિન્ન સંગઠનોના પદાધિકારીઓને બદનામ કરવાની દાનતથી તેમને ખોટા કેસમાં ફસાવીને બદનામ કરવામાં આવ્યાં.

તેમણે કહ્યું કે આ ષડયંત્ર માટે જવાબદાર લોકો દેશની જનતાની માફી માંગે. સીએમ યોગીએ વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશીને આ ચુકાદા બાદ ફોન કરીને અભિનંદન પાઠવ્યા.

## દૈનિક રાશીફળ

તા.૦૧.૧૦.૨૦૨૦ ગુરૂવાર

મેષ (અ.લ.ઈ.) :- પરિવારના સભ્યો સાથે ગેર સમજોથી જાળવવું વાણી ઉપર કાબુ જરૂરી, નોકરીમાં પ્રમોશનના ચાન્સ.

વૃષભ (બ.વ.ઉ.) :- મિત્રો સાથે પાર્ટીનું આયોજના થાય વિજાતીય મિત્રતા ગાઢ બની વિદેશ જવાની ઈચ્છામાં સફળતા.

મિથુન (ક.છ.ઘ.) :- નોકરીમાં પ્રશંસા મલવાની આત્મવિશ્વાસ કેળવવો બચતની ઈચ્છા ફલે. રાજકીય લાભ અચાનક મલે.

કર્ક (ડ.હ.) :- નવી ભાગીદારો યોજનામાં કોઈ ઉતાવળ ન કરવી નોકરીમાં સ્થિરતાથી લાભ માતાનો સહકાર રહે.

સિંહ (મ.ટ.) :- લખાણ કે દસ્તાવેજોના કાર્યોમાં અનુકુળતા રહે. સંતાનોની સગાઈ લગ્નના કાર્યોમાં સફળતા રહે.

કન્યા (પ.ઠ.ણ.) :- નોકરીમાં અધિકારી વર્ગ સાથે ગેરસમજો ન થાય તેનું ધ્યાન રાખવું સ્વાસ્થ્ય બાબત બેદરકારી ટાળવી.

તુલા (ર.ત.) :- પરિવારના વડીલ વર્ગનો સાથે સહકાર મેળવજો યુવાવર્ગને પ્રિયપાત્ર સાથે ગેર સમજો ન થાય તેનું ધ્યાન રાખવી.

વૃશ્ચિક (ન.ય.) :- મહેતનું ફળ મલવાનું છે આવકની સાથે ખર્ચ પણ રહેવાનો વ્યવસાયને લઈને પ્રવાસ થાય ઉધારીથી જાળવવું.

ધન (ભ.ધ.ફ.ઢ.) :- નવી ખરીદી બાબત જાળવવું નોકરીમાં રોજીંદા કાર્યોને વળગી રહેજો મિત્ર વર્તુળનો સહકાર સારો રહે. કર્જ ન કરવું.

મકર (ખ.જ.) :- નવા રોકાણની ઈચ્છા ફળવાની ઉન્નતિ કારક સમય રહેવાનો અધિકારી વર્ગનો સહકાર રહેવાનો સ્વાસ્થ્ય જાળવવું.

કુંભ (ગ.શ.સ.) :- મિલ્કતના પ્રશ્નોને લઈને ટેન્સન રહેવાનું પ્રવાસમાં બેદરકારી ન રાખવી શેર સટ્ટામાં નિર્ણયો મહત્વના રહેશે.

મીન (દ.ચ.ઝ.) :- નવો પરિચય લાભ દાયક રહેશે. દસ્તાવેજોના કાર્યમાં સફળતા રહે નવી નોકરી બાબત કોઈ ઉતાવળા નિર્ણયો.

### દાહોદવાસીઓ માટે આનંદના સમાચાર : કોરોના મહામારીમાં

# છેલ્લા ૬ માસ ઉપરાંતથી બંધ પડેલા ફૂટ ઓવર બ્રિજ આજથી શરૂ

દાહોદ,

દાહોદ શહેરના ગોદીરોડથી સ્ટેશન રોડને જોડતો રેલવે ફૂટ ઓવર બ્રિજ કોરોના કાળમાં ૬ માસ બાદ આજથી પુનઃ શરૂ થતાં રેલવે ફૂટ ઓવરબ્રિજ થી અવર જવર કરતા લોકોને રાહતની લાગણી અનુભવી હતી.દાહોદના સાંસદ જસવંતસિંહ ભાભોરના અગંત મદદનીશ અને ગ્રાહક સલાહકાર સમિતિના સદસ્ય દોલતરામ મીણા ગઈકાલે ઓનલાઈન મિટિંગમાં હાજર રહી યાત્રીઓની સુવિધાઓને ધ્યાનમાં રાખી વિવિધ રજૂઆતો કરી હતી ત્યારબાદ રેલવે તંત્ર દ્વારા આદેશ કરાતા રેલવે ફૂટ ઓવર બ્રિજ આજે સવારે ૧૦ વાગ્યા જાહેર જનતા માટે ખોલી દેવાનું આધારભૂત સૂત્રો દ્વારા જાણવા મળે છે

દાહોદ શહેરના ગોદીરોડની જનતા માટે આજે આનંદના સમાચાર પ્રાપ્ત થયાં છે કે પશ્ચિમ રેલવે ના વિભાગીય રેલ્વે મેનેજર અને રતલામ વિભાગના અન્ય અધિકારીઓ સાથે દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોર ના અંગત મદદનીશ અને ગ્રાહક સલાહકાર સમિતિના સદસ્ય દોલતરામ વીડિયો કોન્ફરન્સિંગદ્વારા આજરોજ મિટિંગ યોજાઈ હતી.જેમાં પાછળની રેલવેની તમામ રેલવે લાઈનને ક્રોસ કરતી ફૂટ ઓવર બ્રિજ બંધ હોવાના કારણે લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. રેલ્વે ફૂટ ઓવર બ્રિજ બંધ થવાથી ગોદી રોડ વિસ્તારના રહેવાસીઓ મહિલાઓ, વૃદ્ધાઓ તેમજ રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવા મજબુર બન્યા છે ત્યારે ગોદીરોડની જનતાના હિતને ધ્યાનમાં રાખીને ગુપ્તા જી દ્વારા દાહોદના અધિકારીઓને ટ્રાફિક માટે ફુટ ઓવર બ્રિજ ફરીથી ચાલુ કરવા આદેશ આપવામાં આવતા આજરોજ સવારે ૧૦ વાગ્યે આ બ્રિજ ખુલ્લું કરી દેવાશે જેથી ગોદીરોડથી બજાર તરફ જતા અસંખ્ય રાહદારીઓ માટે આજથી ફૂટ ઓવર બ્રિજ પુનઃ શરૂ થતાં હોવાના સમાચારથી અત્રેના લોકોમાં આનંદની લાગણી છવાઈ જવા પામી હતી.

## પરિવાર-નિકટજનોના હિતાર્થે કોરોના સામે SMS સૂત્રનું પાલન કરવા અપીલ કરતા પત્રકાર


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લાના પત્રકાર અને કોરોનાને પરાસ્ત કરીને સ્વસ્થ થયેલા વિનોદચંદ્ર પંચાલે દાહોદના નાગરિકોને કોરોનાથી બચાવ માટે એસએમએસ સૂત્રનું ચુસ્ત પાલન કરવા જણાવ્યું છે. તેમણે પરિવાર–નિકટજનોના હિતાર્થે આ સૂત્રને અપનાવી લેવા જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું કે, દરેક વ્યક્તિએ કોરોનાથી બચાવ માટે માસ્ક પહેરવું ફરજીયાત અપનાવી લેવું જોઈએ. સાથે સામાજિક અંતરનું પાલન કરવું પણ એટલું જ જરૂરી છે. સામાજિક મેળાવડામાં બને ત્યાં સુધી ન જવું કારણ કે આવા મેળાવડામાંથી કોરોના સંક્રમણ લાગવાની શકયતા વધી જાય છે. બજારમાં કે જાહેર સ્થળોએ ફરવા જવા કરતાં પરિવારના સભ્યો સાથે ઘરે જ સમય પસાર કરવો વધુ યોગ્ય છે.

તેમણે જણાવ્યું કે, હું પોતે કોરોના મહામારીની ઝપટમાં આવેલો છે. કોરોના સંક્રમિત થયા બાદ યોગ્ય સારવાર અને સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા નિર્દેશોનું ચુસ્ત પાલન કરીને હું સ્વસ્થ થયો છું. મારા કુંટુંબીજનોના હિતાર્થે કોરોના સામેની તમામ સાવચેતીનું ચુસ્ત પાલન કરૂ છું. સૌ નાગરિકો પણ કોરોનાથી પોતાનો અને પરીજનોના બચાવ માટે સરકારે જાહેર કરેલી માર્ગદર્શિકાનું ચુસ્ત પાલન કરે અને કોરોના સામેની જંગમાં જીત હાંસલ કરો.

## દાહોદ જીલ્લામાં આજરોજ ૬ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદમાં આજે વધુ ૦૬ કોરોના પોઝીટીવ કેસોની સંખ્યા સાથે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૧૫૯૬ ને પાર થવા પામ્યો છે. અત્યાર સુધી કોરોનાથી ૬૯ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. ત્યારે છેલ્લા બે દિવસથી કોરોના પોઝીટીવના દર્દીઓની સંખ્યામાં ઘટાડો થતાં મહદઅંશે જિલ્લાવાસીઓએ રાહતનો દમ લીધો છે.

આજે ૨૭૮ આરટીપીસીઆર ટેસ્ટમાંથી ૫ અને રેપીટ ટેસ્ટના ૩૧૯માંથી ૧ એમ કુલ મળી ૦૬ કોરોના પોઝીટીવ કેસો નોંધાયો છે. આ ૦૬માંથી દાહોદમાંથી ૨, ઝાલોદમાંથી ૧, ગરબાડામાંથી ૨ અને ધાનપુરમાંથી ૧ દર્દીનો સમાવેશ થાય છે. આજે વધુ ૧૩ લોકોએ કોરોના સામે જંગ જીતતા તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી અને એક્ટીવ કેસ ૯૪ રહેવા પામ્યા છે.

## ધાનપુરના પાવ ગામની ૧૮ વર્ષીય યુવતિએ અગમ્યકારણોસર આપઘાત કર્યો

ધાનપુર,

૧૨ સાયન્સમાં અભ્યાસ કરતા ધાનપુર તાલુકાના પાવ ગામની ૧૮ વર્ષીય વિદ્યાર્થીનીએ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરમાં લાકડાના સરા સાથે ખાટલાની પાટી વડે ગળે ફાંસો ખાઈ જીવતર ટુંકાવ્યાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત વિગત અનુસાર ધાનપુર તાલુકાના પાવ ગામે છાપરી ફળીયામાં રહેતા સબીયાભાઈ વીરસીંગભાઈ સંગાડાની ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી ૧૮ વર્ષીય અંજનાબેન સળીયાભાઈ સંગોડ પરમ દિવસ તા.૨૮.૯.૨૦ના રોજ બપોરના બે વાગ્યાથી સાડા ત્રણ વાગ્યા દરમ્યાનના સમયગાળામાં કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરના અંદરના ખંડમાં આવેલ લાકડાના સરા સાથે ખાટલાની પાટી બાંધી ગળે ફાંસો ખાઈ જીવતર ટુકાવ્યુ હતું.

આ સંબંધે પાછ ગામના મરણ જનાર અંજનાબેનના પિતા સબીયાભાઈ વીરસીંગભાઈ સંગોડે ધાનપુર પોલીસ સ્ટેશને જાણ કરતા પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## દે.બારીઆના ST ડેપોના નશો કરેલ પકડાયેલ ડ્રાઈવરને ૩ માસની સજા ફટકારી

દે.બારીઆ,

દે.બારીઆ એસ.ટી. ડેપોમાંથી નશાની હાલતમાં પકડાયેલા ડ્રાઈવરને કોર્ટે ત્રણ માસની સાદી કેદની સજા ફટકારી છે. ફરજના સ્થળે નશો કરવો ગંભીર અપરાધ હોવાનુ પણ કોર્ટે નોંધ્યુ હતુ.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીઆમાં ૩૦/૧૧/૨૦૧૦ના રોજ એસ.ટી.ડ્રાઈવર નરવતભાઈ કાળુભાઈ મહેરા(રહે.દાતરડી, જિ.ખેડા)નાઓ ચિક્કાર પીધેલ હાલતમાં મળી આવતા તત્કાલિક ડેપો મેનેજરે તેમની સામે કાયદેસરની પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તેની સામે પ્રોહિ એકટ હેઠળ ગુનો નોંધ્યો હતો. આ કેસ બારીયા કોર્ટમાં ચાલી જતા જયુડિ.મેજી.ફ.ક.એ.જે.ધાસુએ એ.પી.પી.કે.એમ.વસાવાની ધારદાર દલીલો તેમજ મેડિકલ પુરાવાઓને ધ્યાને લઈને પ્રોહિબિશન એકટની કલમ ૮૫(૧)અન્વયેના ગુનામાં ત્રણ માસની સાદી કેદ તથા ૧૦૦૦નો દંડ અને દંડ ન ભરે તો વધુ એક માસની સાદી કેદની સજા અને કલમ ૬૬(૧–બી)અન્વયે ત્રણ માસની સાદી કેદ તથા ૫૦૦ નો દંડ અને દંડ ન ભરે તો વધુ પંદર દિવસથી સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો.

## દે.બારીઆના ઝાબીયા ગામે UP ના શ્રમજીવીના બે બાળકો પાનમ નદીમાં ન્હાવા પડતા મોત

દે.બારીઆ,

દે.બારીઆ તાલુકાના ઝાબીયા ગામે રહેતા અને ઈંટોના ભઠ્ઠા ઉપર કામ કરતા મુળ યુપીના દોલતપુરાના અવદેશભાઈ ધાનકાની ૧૧ વર્ષિય પુત્રી લક્ષ્મીબેન તથા ૭ વર્ષિય પુત્ર બહાદુર પાનમ નદીમાં ન્હાવા માટે ગયા હતા. ત્યારે ન્હાતા ન્હાતા બંને ભાઈ–બહેન નદીના ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. જેના કારણે બંનેના પાણીમાં ડુબી જવાથી મોત નીપજયાં હતા. ઘટનાની જાણ તેના પિતા અને લોકોને થતાં તેઓ સ્થળે પહોંચી ભાઈ–બહેનના મૃતદેહોને પાણીમાંથી કાઢયા હતા. અને દે.બારીઆ સરકારી દવાખાને પી.એમ.અર્થે મોકલી આપ્યા હતા. ભાઈ–બહેનના પાણીમાં ડુબી જવાથી મોત નીપજતા પરિવાર ઉપર આભ તુટી પડ્યુ હતુ. અને શોકની લાગણી છવાઈ હતી.આ સંદર્ભે દે.બારીઆ પોલીસે અકસ્માત મોત અન્વયે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## રાજય સરકાર ટેકાના ભાવે મગફળીની ખરીદી કરશે


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

રાજય સરકારે ખેડૂતોના હિતમાં વધુ એક મહત્વનો નિર્ણય કર્યો છે. જે મુજબ આગામી તા. ૨૧ ઓકટોબરથી ૯૦ દિવસ દરમિયાન રાજય સરકાર લઘુત્તમ ટેકાના ભાવે ખરીફ માર્કેટીગ સિઝન ૨૦૨૦–૨૧ માટે પ્રતિ કવિન્ટલ (૧૦૦ કિ.ગ્રા.) મગફળી રૂ. ૫૨૭૫/– ના ભાવે ખરીદશે. જે કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા ધારાધોરણો મુજબ હશે.

દાહોદ જિલ્લાના ખેડૂતોએ આ યોજનાનો લાભ લેવા ચાલુ વર્ષના ૭/૧૨ તેમજ ૮–અ નાં ઉતારા તથા પાસબુકની નકલ/કેન્સલ ચેકની નકલ સાથે ગ્રામ કક્ષાએ વી.સી.ઇ. (ગ્રામ પંચાયત કચેરી) એપીએમસી કેન્દ્ર ખાતે તા. ૧/૧૦/૨૦૨૦ થી તા. ૨૦/૧૦/૨૦૨૦ સુધી ખરીદીના ભાગરૂપે ઓનલાઇન રજીસ્ટ્રેશન એનરોલમેન્ટ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જે માટે તાલુકાના ગોડાઉન મેનેજરનો સંપર્ક કરવાનો રહેશે. પ્રતિ હેકટર મહત્તમ ખરીદી ૨૫૦૦ કિ.ગ્રા. રહેશે.

ખરીદ કેન્દ્રોના સંપર્ક નંબર આ મુજબ રહેશે. સરકારી અનાજ ગોડાઉન, દેવગઢ બારીયા ૬૩૫૯૯૪૬૧૦૧, સરકારી અનાજ ગોડાઉન, લીમખેડા ૬૩૫૯૯૪૬૦૫૩, સરકારી અનાજ ગોડાઉન, ઝાલોદ ૯૯૭૯૯૮૯૨૫૪. જિલ્લા પુરવઠા અધિકારી, દાહોદે એક યાદીમાં ઉક્ત માહિતી આપી છે.

## ફતેપુરા તાલુકાનાં પ્રાથમિક શિક્ષક સંઘમાં સરકારી રેકર્ડ સાથે ચેડાં કરી નાણાંની ઉચાપત કરતાં મંત્રી

દાહોદ,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાની વાવડી પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા રમણભાઈ હીરાભાઈ પટેલ કે જેઓ ફતેપુરા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના મંત્રી પણ છે. તેઓએ પોતાની સત્તાનો દુરૂપયોગ કરી પોતાના પગાર બિલે ૩૧ વર્ષનું ઉચ્ચતર પગાર ધોરણ આકારી ખોટી રીતે નાણાં મેળવતા હતા. રમણભાઈ હીરાભાઈ પટેલની ૩૧ વર્ષના ઉચ્ચતર પગાર ધોરણની ફાઈલ ગાંધીનગર ખાતેથી નામંજૂર થઈને આવી હતી, છતાં પણ તેઓ ખોટી રીતે નાણાં પગાર બિલે આકારતા હતા, આ સમગ્ર બાબતની જાણ ફતેપુરા તાલુકાનાં શિક્ષકોને થતાં તેઓએ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને જાણ કરતાં તેઓએ પગાર બિલેથી ખોટી રીતે મેળવેલ નાણાની રકમ સરકારી ખાતામાં ચલણ દ્વારા જમા કરાવેલ છે.

મળતી માહિતી મુજબ રમણભાઈ હીરાભાઈ પટેલ તેમના અન્ય મળતીયાઓ દ્વારા ફતેપુરા તાલુકામાં બિનઅધિકૃત રીતે શિક્ષકો પાસેથી ઉચ્ચતર પગાર ધોરણ, સી.પી.એફ, પેન્શન કેશ, પગાર એરિયર્સ, જેવી ઓફિસના વહીવટ બાબતમાં મોટો વહીવટ કરી રહ્યા છે. સમગ્ર શિક્ષણ શાખાનો વહીવટ તેમના ઈશારે ચાલતો હોય છે. આ ઉપરાંત તાલુકા શિક્ષણ સમિતિની ઓફિસમાં વિવિધ ઓનલાઈન કામગીરી કરતા નાના સલરા પ્રાથમિક શાળાના આચાર્ય અને બીટ કેળવણી નિરિક્ષકનો ચાર્જ સંભાળતા હરેશભાઈ દેવાભાઈ ગોહિલ પણ પોતાની નોકરીમાં ખોટી દાખલ તારીખ લખીને પોતાની ખોટી સિનિયોરીટી બનાવી વિવિધ પ્રકારે ઓફિસમાં કામગીરી કરી રહ્યા છે. જેની તપાસ કરવા માટે જિલ્લા વિકાસ અધિકારી દાહોદને રજુઆત થયેલ છે, પરંતુ હજુ સુધી તપાસ કેમ કારવામાં આવી નથી તે એક ચર્ચાનો વિષય છે. બીજી તરફ આ સમગ્ર મામલો હાલ ફતેપુરા શિક્ષણ જગતમાં ચર્ચાનો વિષય બન્યો છે. ત્યારે આની ન્યાયિક તપાસ થાય અને કસૂરવારો સામે પગલાં લેવાય એવું શિક્ષણના હિતમાં કામ કરતા લોકોના મુખે ચર્ચાઈ રહ્યું છે.

## દે.બારીઆ નગરપાલિકા હસ્તક સ્મશાનમાં લાકડાના અભાવે પ્રજાએ જવાબદારી લેવી જરૂરી


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,

દે.બારીઆ નગરપાલિકાના કર્મીઓનું ગેરવહિવટ તો જુઓ માનવીની અંતિમક્રિયા કરવા માટે જેને અગ્નીદાહ માટે લાકડાનો ઉપયોગ કરાતો હોય છે. તે અગ્નીદાહના લાકડાનો પૂરતો સ્ટોક રાખવ જોઈએ. તે સ્ટોક હોતો નથી. તે પ્રકારના લાકડા જાડા હોવા જોઈએ. એ પ્રકારના લાકડા પાતળા હોય છે. જેનાથી અરતિમાં ખૂબ સમય લાગે શું ? આ અંતિમ અગ્નીદાહ માટેના લાકડાનું બીલ બતાવી ચાંઉ થઈ જાય છે કે શું તે તપાસનો વિષય છે.

મળતી માહિતી મુજબ તા.૩૦/૦૯/૨૦૨૦ બુધવારના રોજ સવારે શહેરમાંથી એક વ્યકિતની અરતી અંતિમક્રિયા માટે જે પ્રકારના લાકડા હતા. તે પાતળા અપૂરતા હતા. જેથી અગ્નીદાહ માટે સ્મશાને લઈ ગયા હતા. જયાં લાકડા હતા નહીં આપવાનું અઘરૂ થઈ પડ્યું હતું. પહેલાના જમાનામાં એટલે કે સદીઓ પહેલા કફન ચોર હતા. તે જે ઐતિહાસીક વાર્તાઓમાં વાંચવા અને સાંભળવા મળે છે. આજનો કળયુગ આવી ગયો હોય મળે છે. અંતિમસ્ટી માટેના લાકડા ચોર પણ સાંભળીને આપતાને સમર્થન અશોભનીય ઘટના ફરીવારના દોહરાય તે માટે સંગાથ લઈ સંવિધાનમાં આપેલો ક જે વ્યકિત જે તે ધાર્મિક જાતિના મુજબે અંતિમક્રિયા તેની ધાર્મિક માન્યતા પ્રમાણે જવાબદારી પાલિકાના હસ્તક હોય છે.

## દાહોદના કાળી તળાઈ ગામ પાસે ૭૫ હજારના દારૂ સાથે પીકઅપ ગાડી ઝડપાઈ

દાહોદ,

પ્રોહી અંગેની મળેલ બાતમીના આધારે દાહોદ તાલુકા પોલીસે મોડી સાંજે દાહોદ તાલુકાના કાળી તળાઈ ગામે હોટલ સતીતોરલ પાસે વ્યુહાત્મક વોચ ગોઠવી દાહોદ તરફથી રૂા.૭૫ હજાર ઉપરાંતની કિંમતનો વિદેશી દારૂ લઈ ગોધરા તરફ જતી બોલેરો પીકઅપ ગાડી ઝડપી પાડી ગાડીમાં બેઠેલ ચાલક સહિત ત્રણ ખેપીયાની રૂા.૩ લાખની ગાડી સહિત રૂા.૩,૭૫,૬૦૦નો મુદ્દામાલ સાથે અટક કર્યાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત વિગત અનુસાર એક બોલેરો પીકઅપ ગાડીમાં દારૂનો જથ્થો ભરી દાહોદ બાજુથી ગોધરા તરફ લઈ જવાતો હોવાની મળેલ બાતમીના આધારે દાહોદ તાલુકા પોલીસે દાહોદ તાલુકાના કાળીતળાઈ ગામે આવેલ હોટલ સતીતોરલ પાસે હાઈવે રોડ પર વ્યુહાત્મક વોચ ગોઠવી હતી. તે વખતે સાંજે સાડા છ વાગ્યાના સુમારે બાતમીમાં દર્શાવેલ જીજે ૨૭ એક્સ–૪૦૮૩ નંબરની બોલેરો પીકઅપ ગાડી દાહોદ બાજુથી આવતી દુરથી નજરે પડતા વોચમાં ઉભેલ પોલીસ સાબદી બની હતી અને નજીક આવતા જ પોલીસે તેને ઘેરી લઈ તલાસી લેતા ગાડીમાંથી રૂા.૭૫,૬૦૦ની કુલ ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ ૭૫૬ નંગ પકડી પાડી સદર દારૂની હેરાફેરીમાં ઉપયોગમા લેવાયેલ રૂા.૩ લાખ કિંમતની બોલેરો પીકઅપ ગાડી સહિત રૂા.૩,૭૫,૬૦૦નો મુદ્દામાલ કબ્જે લઈ ગાડીમાં બેઠેલ ગરબાડા તાલુકાના વડવા ગામના તળાવ ફળીયાના સંજયભાઈ નવલસીંગ કટારા, ૧૮ વર્ષીય રાકેશભાઈ રમેશભાઈ માવી તથા દાહોદ તાલુકાના ગલાલીયાવાડ માળી ફળીયામાં રહેતા ૧૯ વર્ષીય રાહુલભાઈ નરસીંગભાઈ સંગાડાની અટક કરી ત્રણેય ખેપીયાઓ વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ફતેપુરાના મોટા નટવા ગામની લોકો રોડ વિજળી, શૌચાલયો જેવી સુવિધાથી વંચિત

દાહોદ,

આઝાદી કાળને વર્ષો વીતી ગયા પરંતુ દેશમાં એવા પણ રાજ્યો, જિલ્લા, ગામો છે. જયા હજુ સુધી રસ્તાઓ, વીજળી, પાકા મકાનો, શૌચાલયો વિગેરેથી લોકો વંચિત છે. ત્યારે આવો એક નજારો દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના મોટા નટવા ગામે જોવા મળ્યો છે. આ ગામમાં અત્યાર સુધી રસ્તો જ ન બનતા અહીંના સ્થાનીકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. કોઈક બીમાર પડે અથવા તો કોઈપણ પ્રસંગ હોય તો ચાલતુ અથવા તો બીમાર વ્યક્તિને ખાટલા પર અથવા તો ઉચકીને મુખ્ય રસ્તા સુધી ચાલતુ પસાર થવું પડી રહ્યું છે. અત્રેના ગ્રામજનોમાં રસ્તાના અભાવના પગલે તંત્ર સામે ભારે રોષની લાગણી પણ જોવા મળી હતી.

ફતેપુરા તાલુકાના મોટા નટવા ગામની વાત કરીએ તો, આ ગામમાં આઝાદીનો સમય વિત્યાને આજદિન સુધી આ ગામમાં રસ્તો જ બનાવવામાં આવ્યો નથી. અહીંના રહીંશોમાં કોઈ બીમાર પડે તો તેને ખાટલામાં અથવા તો ઉંચકીને મુખ્ય રસ્તા પર જવું પડે છે. આ ઉપરાંત કોઈ લગ્ન પ્રસંગ કે મરણ પ્રસંગ હોય તો પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. અહીં એટલી હદે મુશ્કેલીનો સામનો કરવો પડે છે કે, બીમાર વ્યક્તિ માટે એમ્બ્યુલંશ સેવાને ગામની અંદર આવવામાં ભારે તકલીફ પડે છે જેથી લોકોના જીવને જોખમમાં મુકી મુખ્ય રસ્તા સુધી ચાલતું પસાર થવું પડે છે. અહીંના લોકોના જણાવ્યા અનુસાર, આજદિન સુધી અહીંયા રસ્તાનું નિર્માણ જ નથી થયું. લાગતું વળગતું તંત્ર આ ગામ તરફ પણ ધ્યાન દોરે તેવી લાગણી અને માંગણી પણ સ્થાનીકોમાં વહેતી થવા પામી છે.

## દાહોદના નેહરૂ યુવા કેન્દ્ર અને આણંદ કૃષિ વિશ્વ વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે હિન્દી પખવાડિયા અંતર્ગત વેબિનાર યોજાયો

દાહોદ,

નેહરૂ યુવા કેન્દ્ર દાહોદ અને આણંદ કૃષિ વિશ્વ વિદ્યાલય દાહોદના સંયુક્ત ઉપક્રમે હિન્દી પખવાડિયા અંતર્ગત વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૦ થી વધુ યુવાનોએ ભાગ લઈ હિન્દી ભાષાને વેગ આપવા માટે વકતવ્ય અને કવિતા પઠન કરવામાં આવ્યું હતું. વેબિનારને સફળ બનાવવા માટે મુખ્ય મહેમાન તરીકે આણંદના ડો. દિનેશ પટેલ, નેહરૂ યુવા કેન્દ્ર સંગઠન ગાંધીનગરના ઉપનિર્દેશક શિવદયાલ શર્મા અને ભારતીય વિચાર મંચના રાધેશ્યામ યાદવ ઉપસ્થિત રહ્યાં હતા. નેહરૂ યુવા કેન્દ્ર દાહોદના જિલ્લા યુવા અધિકારી અજીત જૈનના માર્ગદર્શન હેઠળ આ વેબિનાર યોજાયો હતો.

# સ્કૂલ ફીમાં માત્ર ૨૫ ટકા જ ઘટાડાનો સંચાલકોને આદેશ

ગાંધીનગર,

ખાનગી સ્કૂલોના સંચાલકોના ખોળે પહેલેથી જ બેસેલી રાજ્ય સરકારે આખરે વાલીઓની ૫૦ ટકા ફી ઘટાડાની આજીજીઓને ધરાર ફગાવી દઈ સ્કૂલ ફીમાં માત્ર ૨૫ ટકા જ ઘટાડાનો સંચાલકોને આદેશ આપવાનું નક્કી કરી લીધું છે. આમ પણ સંચાલકોએ તો ૨૫ ટકાથી તસુ ભાર ઘટાડો ન કરવાની અડોડાઈ રાખેલી જ હતી અને છેવટે તેમનું જ ધાર્યું આ સરકાર પાસે કરાવ્યું છે. વાલી મંડળ સાથે બેઠક કરી તેમને સહાનુભૂતિપૂર્વક સાંભળવાનું નાટક કર્યા બાદ હવે સરકાર બુધવારે મળનારી કેબિનેટમાં 'તમામ પક્ષકારોના વ્યાપક હિતમાં' સ્કૂલોને અત્યારે ૨૫ ટકા ફી ઘટાડો કરવાનો આદેશ આપતો 'સંવેદનશીલ' નિર્ણય લીધો હોવાની જાહેરાત કરે તેવી શક્યતા સૂત્રોએ વ્યક્ત કરી છે. હાઈકોર્ટમાં આખો મામલો પહોંચ્યો ત્યારથી જ વાલીઓ ૫૦ ટકા ફી માફીની જ વાત કરતા રહ્યા છે.

વાલીઓની વાત સંચાલકોને સ્વીકાર્ય નહોતી. પહેલા તો સંચાલકોએ ધરાર ફી ઘટાડાની વાતનો જ છેદ ઉડાડેલો. પછી કહ્યું, જરૂરિયાતમંદ વાલીઓની ઘટાડીશું. પછી ૨૫ ટકાની વાત કરી અને સતત એને જ વળગી રહેલા. છેવટે તેમના ખોળે બેઠેલી સરકારે 'સંચાલકો અમારૂં માનતા નથી, તમે જ નક્કી કરો'ના રોદણાં સાથે હાઈકોર્ટમાં આવેલી. પણ કોર્ટે સ્પષ્ટ કહી દીધેલું કે, તમે સરકાર છો, નિર્ણય તમારે જ કરવાનો છે. એટલે ના છૂટકે ફી માફીનો નિર્ણય તો લેવો જ પડે એમ હતું. સંચાલકોને નારાજ કરવું પોસાય તેમ નહોતું આ સરકારને. નવાઈની વાત તો એ છે કે, લોકડાઉન અમલી હતું ત્યારે આ જ સરકારે સ્કૂલો બંધ રહે ત્યાં સુધી ખાનગી સ્કૂલોએ ફી વસૂલવી જ નહીં તેવો નિર્ણય કર્યો હતો. અને સંચાલકોએ આને હાઈકોર્ટમાં પડકારતા આખો મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. દેખીતી રીતે જ સંચાલકો નારાજ થાય તેવો કોઈ નિર્ણય આ સરકાર કરવા નહોતી માગતી એ પહેલેથી જ સ્પષ્ટ હતું.

સરકાર અને વાલી મંડળ વચ્ચે મંગળવારે બેઠક યોજાવાની હોવાની સમાચાર વહેતાં થતાં આજે સાતથી આઠ મંડળના પ્રતિનિધિઓ ગાંધીનગર પહોચી ગયા હતા. પરંતુ તેમાંથી માત્ર ૪ મંડળના જ પ્રતિનિધિઓને એન્ટ્રી મળતાં વિવાદ થયો હતો. જેમાં આક્ષેપો થયા હતા કે, સરકાર મનફાવે તેવો નિર્ણય લેવામાં સફળ રહે અને કોઈ વધુ વિરોધ ના કરે તેના માટે પસંદગીના મંડળો સાથે જ ચર્ચા કરી હતી. નિષ્ણાંતોનું માનવુ છે કે, બેઠકમાં હાજર રહેવા માટે આવેલા તમામ વાલી મંડળના પ્રતિનિધિઓને સરકારે સાંભળવા જોઈતા હતાં.

૫૦ ટકા ફી માફી આપો અથવા સ્કૂલો વાસ્તવિક રીતે શરૂ ન થાય ત્યાં સુધીની ફી માફ કરોઃ ગુજરાત વાલી એકતા મંડળ

જ્યારે ગુજરાત વાલી એકતા મંડળના પ્રમુખ જયેશ પટેલે જણાવ્યું કે, સરકારની ૨૫ ટકા ફી માફીની જાહેરાત લોલીપોપ સમાન છે. સરકાર ૨૫ ટકા ફી માફી આપીને વાલીઓની મજાક ઉડાવી રહી છે. જો સરકાર ખરેખર સાચા અર્થમાં વાલીઓના હિતમાં ફી માફી કરવા માગતી હોય તો રાજ્યના શિક્ષણ વિભાગે કરેલા તારીખ ૧૬/૭/૨૦૨૦ના જ્યાં સુધી સ્કૂલો વાસ્તવિકરૂપથી શરુ ના થાય ત્યાં સુધીની ફી માફ કરવાના ઠરાવનો યોગ્ય અમલ કરવા આદેશ આપે અથવા ચાલુ વર્ષની ઓછામાં ઓછી ૫૦ ટકા શૈક્ષણિક ફી માફ કરે. ફી માફીની માંગ ચાલુ રહેશે. આગામી સમયમાં ફી માફીને લઈ આશ્ચર્યજનક કાર્યક્રમોની રણનીતિ ઘડવામાં આવશે.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 35

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## અત્યાર સુધી અંધારામાં રહેલ પુરવઠા વિભાગે

# ગોધરાના ત્રણ બાયો ડિઝલ પંપોના ઈંધણના નમૂના સાથે કાલોલનો એક પંપ સીઝ

ગોધરા/કાલોલ, છેલ્લા કેટલાક સમયથી સરકારને અંધારામાં રાખીને ગેરકાયદે બાયો ડિઝલ પંપ કાર્યરત હતા. તે પૈકી પંચમહાલ જીલ્લાના ગોધરાની આસપાસના ત્રણ પંપો ઉપર પુરવઠા વિભાગે દરોડો પાડીને નમુના લેવાયા. આગામી સમયમાં આવી કાર્યવાહી કરવાની ચિમકીને લઈને ગેરકાયદે પંપ ચલાવનાર સંચાલકોમાં ખળભળાટ મચી ગયો છે. નમૂના લઈને લેબોરેટરીમાં તપાસ અર્થે મોકલી અપાયા છે.


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

ગતિ અને પ્રગતિ સાથે ઈંધણનો સંબંધ છે. દિનપ્રતિદિન વપરાશ થતા હોવાને લઈને ભારત દેશ એક આંતરરાષ્ટ્રીય કક્ષા એ નામ ઉતરી આવ્યું છે. ઈંધણના વપરાશથી પર્યાવરણ તથા ખેતીને નુકશાન ન થાય તે માટે બાયોડીઝલ જેવું વપરાશને પ્રોત્સાહન અપાઈ રહ્યું છે. ખેડુતો આ ઈંધણ વાપરીને પોતાના ખેતરમાં ટ્રેકટર કે સિંચાઈ જેવી સુવિધાની આડમાં વપરાશ કરાતા ધંધાદારી કેરોસીન કે ડીઝલ કરી રહ્યા હતા. આ ખેતીને આડમાં ઘણા ખેડુતો પર્યાવરણને નુકશાન કરીને ગેરાયદે પણે આ ઈંધણનું ગેરકાયદે પણ વેચાણ થઈ રહ્યું હતું. ખુલેઆમ આવા બાયોડિઝલ ધંધાનું કામ કરતા હોવાથી અવારનવાર તપાસ કરવા તથા ગેરકાયદેસર સંચાલન કરનાર સામે કાર્યવાહી કરવાની માંગણી અધિકૃત કેન્દ્ર સરકારની ઈંધણ કંપનીઓના સંચાલકો દ્વારા માંગણી કરાઈ રહી હતી. અત્યાર સુધી માત્ર ખેતીલક્ષી ઈંધણ વપરાશ કરવાની મંજૂરી ધરાવતા આવા પંપો સામે કાર્યવાહી કરવાની માંગ ઊઠી હતી. ત્રણ-ચાર દિવસ પૂર્વે ગુજરાત વિધાનસભા ગૃહમાં આવા બાયો ડિઝલને કોર્મશીયલ રાહે મંજૂરી આપીને દેખરેખ તથા તપાસ માટે જીલ્લા પુરવઠા વિભાગને સત્તા સુપ્રત કરાઈ છે. જેના ભાગરૂપે બુધવારના રોજ અત્યાર સુધીમાં અંધારામાં રહેતા પુરવઠા વિભાગની ટીમ કાર્યરત બનીને કાલોલ તથા ગોધરા તાલુકાની આસપાસના વિસ્તારમાં દરોડો પાડયો છે. જેમાં પોપટપુરા, ભામૈયા, ચિખોદરામાં ચાલતા પંપો ઉપર દરોડો પાડીને તપાસ હાથ ધરી હતી. જેમાં મામલતદાર કક્ષાની ટીમના હાથે કોઈપણ દસ્તાવેજ કે પૂર્વ મંજુરી વિના કાર્યરત રહેતા હોવાનું દયાને આવતા તેઓને નોટીસ આપીને દસ્તાવેજ કે મંજુરી રજૂ કરવા માટે જણાવાયું છે. તથા ઈંધણના નમૂના લેવાયા હતા. ઘણા સમય બાદ પુરવઠા વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવતા પંપ સંચાલકોમાં ખળભળાટ મચી ગયો છે.

- વધુ એક પંપને સીઝ કરવા સાથે નોટીસ આપીને કાયદેસર માન્યતાના દસ્તાવેજ રજૂ કરવા જણાવાયું.
- એકાએક જાગેલ મામલતદાર ટીમે પંપોના સંચાલકો સામે કાર્યવાહી કરતા નાસભાગ.
- અત્યાર સુધી ખેતીલક્ષી વપરાશ કરાઈ રહ્યો હતો.
- ખેતી વપરાશ આડમાં કોર્મશીયલ ઈંધણ વપરાશ થઈ રહ્યાની બૂમ ઊઠી હતી.
- પંપના સંચાલકોએ ગેરકાયદે ખિસ્સા ભર્યા હોવાની બૂમો બાદમાં તંત્રની કાર્યવાહી.

### નાંદરખા પંપને સીઝ કરાયો

કાલોલ તાલુકાના નાંદરખા પાસેથી પસાર થતાં હાલોલ-ગોધરા રોડ પરની સહયોગ હોટલ બાજુમાં આવેલ વેજલપુરના સર્વે નંબર ૧૩૩/૧ પૈકી ૧ જે બિન ખેતીનો હેતુ થી સિમેન્ટ પાઈપ અને બ્લોક બનાવવાના હેતુથી તાલુકા વિકાસ અધિકારી પાસેથી પરવાનગી લેવામાં આવી હતી. જેમાં દસ દિવસ પહેલાં જ ગેરકાયદેસર બાયોડિઝલ પંપ ઊભો કરી સાદીક તૈયબ ઈસુફ ગોરા દ્વારા ગેરકાયદેસર પંપ ચલાવાતો હોવાનું ગોધરા પુરવઠા વિભાગ ને જાણવાં મળતાં ગોધરા પુરવઠા મામલતદાર બાબુભાઈ પરમાર તેમજ એમ.સો.જી. પી.આઈ તેમજ કાલોલ નાયબ મામલતદાર પુરવઠા મનોજ મિશ્રા, નાયબ મામલતદાર પુરવઠા ગોધરા એમ.એસ.સુથાર, તેમજ વેજલપુર સ્થાનીક પોલીસ સંયુક્ત ટીમ દ્વારા હાઈવે ઉપર આવેલ બાયોડિઝલ પંપ પરથી ૪૮૦ લીટર જે રૂા. ૨૬,૪૦૦/- નો બાયોડિઝલ, બે ટેન્ક, બે આઉટલેટ સીઝ કરવામાં આવ્યું હતું.જે કોઈ રેકર્ડ વગર બે ટેન્ક અને બાયોડિઝલ નો કોઈ પણ પ્રકારના સ્થળ પરથી બીલ મળેલ ન હતો. જેનાં કારણે સંપૂર્ણ પંપ સીઝ કરી વધુ કાર્યવાહી જિલ્લા પુરવઠા વિભાગએ વધું કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### અમારી પાસે મંજુરીના દસ્તાવેજો નથી : DSO

આવા બાયો ડિઝલ પંપની પરમીશન ગુજરાત અન્ન અને પુરવઠા વિભાગ દ્વારા આપવામાં આવે છે. ત્યારે ગાંધીનગર કક્ષાએથી દસ્તાવેજની મંજૂરી આપવામાં આવતી હોવાથી જીલ્લામાં કેટલા પંપ હયાત છે. તે તપાસનો વિષય છે. આજે એસ.ઓ.જી. પોલીસ તથા પુરવઠા વિભાગની ટીમે દરોડો પાડીને ગેરકાયદે ચાલતા બાયો ડિઝલ પંપના સંચાલકો સામે કાર્યવાહી કરાઈ હતી. અત્યારે તંત્ર પાસે કોઈ મંજુરીના દસ્તાવેજ નથી. ત્યારે આગામી સમયમાં પણ કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરાશે.

### હજૂ ૮ થી ૧૦ પંપો પ્રગતિમાં પુરવઠા વિભાગ અંધારામાં

છેલ્લા કેટલાક સમયથી ખેતીલક્ષીના વપરાશ ધરાવતા બાયો ડિઝલ પંપો કાર્યરત રહેવા સામે કાયદેસર તપાસની કાર્યવાહી કરવાની માંગ ઊઠી રહી છે. ગોધરા તથા આસપાસના ૮ થી ૧૦ આવા બાયો ડિઝલ પંપ બનાવવાની કાર્યવાહી પ્રગતિમાં છે. ત્યારે આવા પંપો એ કાયદેસર લાયસન્સ લીધું છે કે કેમ તે તપાસ અનિવાર્ય છે અને પુરવઠા તંત્ર અધિકારી અંધારામાં રહ્યા છે.

## પંચમહાલ જીલ્લામાં આજે ૩૨ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૨૩૩૬ થયો


ગોધરા, પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૩૨ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૩૨ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૨૩૩૬ થવા પામ્યો છે. પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૨૩ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરામાં-૧૦, હાલોલ-૧૬, કાલોલ-૦૫, જાંબુઘોડા-૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

**પંચમહાલ જીલ્લામાં આજે આવેલ પોઝીટીવ કેસ**

ગોધરા-૧૦, હાલોલ-૧૬, કાલોલ-૦૫, જાંબુઘોડા-૦૧.

- ૦૮ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૨૫૫.
- મૃત્યુ આંક - ૧૦૫.

## કાલોલના શકિતપુરા ગામે નર્મદા કેનાલમાં મોતનો ભુસ્કો મારતાં યુવકો સામે આકસ્મિત ઘટના બાદ તંત્ર કાર્યવાહી કરશે


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ, કાલોલના શકિતપુરા ગામ પાસેથી પસાર થતી નર્મદા મુખ્ય કેનાલના ઘસમસતા પ્રવાહમાં યુવકો મોતની છલાંગ લગાવી રહ્યા છે. કેનાલ પુરઝડપે જતાં પ્રવાહમાં ન્હાવા પડતા યુવકો સાથે કોઈ આકસ્મિત ઘટના બનશે ત્યારબાદ તંત્ર જાગશે તેમ લાગી રહ્યું છે.

કાલોલ તાલુકાના શકિતપુરા ગામ પાસેથી પસાર થતી મુખ્ય નર્મદા કેનાલમાં હાલ ઘસમસતો પાણીનો પ્રવાહ જોવા મળી રહ્યો છે. આવા ઘસમસતા પાણીના પ્રવાહમાં યુવકો તેમજ યુવતિઓ મોતનો ભુસ્કો મારતા જોવા મળી રહયા છે. મુખ્ય નર્મદામાં કેનાલમાં ન્હાવા ભુસ્કા મારતા યુવકોનો વિડીયો અનેકવાર વાયરલ થવા પામ્યો છે. તેમ છતાં નર્મદા કેનાલ ઓથોરીટી વિભાગ કે સ્થાનિક પોલીસ કે વહીવટી તંત્ર દ્વારા અત્યાર સુધી કાર્યવાહી કરવામાં આવી નથી. નર્મદા કેનાલ પ્રવાહમાં જીવને જોખમમાં મુકીને ન્હાવા પડતા યુવકો સાથે કોઈ આકસ્મિત ઘટના બન્યા બાદ વહીવટી તંત્ર જાગશે તેમ લાગી રહ્યું છે.

## હાલોલ ગ્રામ્ય વિસ્તારોમાં વીજ તંત્રની નબળી કામગીરીથી ગ્રામ્ય વિસ્તારના લોકો હેરાન


તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ, હાલોલ ગ્રામ્ય વિસ્તારમાં વીજ સેવા પુરી પાડતી મધ્ય ગુજરાત વીજ કંપનીની નબળી કામગીરીથી ગ્રામ્ય વિસ્તારના લોકો ત્રાસી ગયા છે. ઉજેતી, પારેખપુરા, કુંપાડિયા ગામના લોકો છેલ્લા છ માસથી લો વોલ્ટેજની સમસ્યા સામે રજુઆતો કરી રહ્યા છે. છતાં જાડી ચામડીના અધિકારીઓ તેમની રજુઆતો સાંભળતા ન હોવાથી લોકોએ એકત્ર થઈ દેખાવ કર્યો હતો અને વીજ કંપનીના અધિકારીઓનો હુરિયો બોલાવ્યો હતો. લો વોલ્ટેજને કારણે ગામડાઓના કેટલાંક વીજ ઉપકરણો ચાલતા નહિ હોવાથી તો કેટલાંક ઉડી જવાથી નુકસાનથી લોકો ભારે ત્રસ્ત બન્યા છે. હાલોલ તાલુકાના મધ્ય ગુજરાત વીજ કંપનીમાં આ અંગે વારંવાર ફરિયાદો કરવા છતાં વીજ કંપની દ્વારા કોઈ નકકર કામગીરી નહિ કરતા લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

## કાલોલ ભાદરોલી ગામના ૨૦ વર્ષીય યુવાને ઝેરી દવા પી જતાં સારવાર દરમ્યાન મોત

કાલોલ, કાલોલ તાલુકાના ભાદરોલી ગામ રહેતા ૨૦ વર્ષીય યુવકે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતાં સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમા દાખલ કરતાં સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના ભાદરોલી ગામે રહેતા જયેશ રણજીતસિંહ સોલંકી ઉ.વ.૨૦ એ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી ગયા હતા. યુવકને સારવાર અર્થે તાત્કાલીક હાલોલ ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે કાલોલ પોલીસ મથમે ફરિયાદ નોંધાવા પામી છે.

## ઘોઘંબાના કાનપુર ગામે પ્રેમી પંખીડાએ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના કાનપુર મહાદેવીયા ફળિયામાં પ્રેમી પંખીડાએ ગળેફાંસો ખાઈ જીંદગી ટુંકાવી લેતા ચકચાર મચી જવા પામી છે. ગામના યુવક-યુવતિએ સમાજ પોતાનો પ્રેમ સંબંધ નહિ સ્વિકારે એવા ડરથી આ અંતિમ પગલુ ભર્યુ હોવાનુ જાણવા મળે છે. રાજગઢ પોલીસે બનાવ અંગે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ઘોઘંબા તાલુકાના કાનપુર ગામે મહાદેવિયા ફળિયામાં રહેતા યુવક-યુવતિ વચ્ચે પ્રેમ સંબંધ બંધાયા હતા. પરંતુ એક જ ગામમાં રહેતા બંનેના પ્રેમ સંબંધને તેઓના સ્વજનો નહિ સ્વિકારે એવા છુપા ડર વચ્ચે બંને નાસીપાસ થઈ ગયા હતા. જેના બાદ પ્રેમી પંખીડાઓ સાથે જીવવા મરવાના કોલ સાથે જ પોતાનુ ઘર છોડી નીકળી ગયા હતા. અને ગામમાં જ આવેલા એક વૃક્ષ ઉપર બંનેએ ગળેફાંસો ખાઈ લીધો હતો.

બીજી તરફ વહેલી સવારે ગામના ખેડુતો ખેતરમાં જઈ રહ્યા હતા દરમિયાન વૃક્ષ ઉપર મૃતદેહ લટકતા જોવાતા જ પોલીસને જાણ કરવામાં આવી હતી. રાજગઢ પોલીસે સ્થળ ઉપર જઈ તપાસ કરતા ગામના જ યુવક-યુવતિ હોવાનુ જાણવા મળ્યુ હતુ. જેથી પોલીસે મૃતકોના સ્વજનોનો સંપર્ક કરી મૃતદેહોના પી.એમ.કરાવી સ્વજનોને સુપરત કર્યા હતા.

## શહેરા બસ સ્ટેશન નો પાર્કિંગ પર ઊભા રહેલ વાહનો પર મામલતદારનો સપાટો


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરા એસ.ટી.બસ સ્ટેશનની અંદર ખાનગી વાહનો ઊભા રાખવા ઉપર પ્રતિબંધ હોય તેમજ નો પાર્કિંગ ઝોન હોવા છતાં ખાનગી વાહનો ગોઠવી દેવામાં આવ્યા હતા. તેની ઉપર શહેરા મામલતદારે પોલીસને સાથે રાખી વાહનો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી.

શહેરા એસ.ટી. બસ સ્ટેશનમાં ખાનગી વાહનોના પ્રવેશ અને નો પાર્કિંગ ઝોન હોવા છતાં બસ સ્ટેશનની અંદર ખાનગી વાહનો ખડકી દેવામાં આવ્યા હતા. આ બાબતે શહેરા મામલતદારને ધ્યાનમાં આવી હતી. આજરોજ શહેરા પોલીસને સાથે રાખી બસ સ્ટેશનમાં ઊભા રાખેલ ખાનગી વાહનો ને ડીટેઈન કરીને કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવતાં બસ સ્ટેશનમાં ખાનગી વાહનો ગોઠવી દેતાં વાહન ધારકોમાં ફફડાટ જોવા મળ્યો છે.

## કાલોલના પલાસા ગામના ૧૭ વર્ષીય યુવકે ગળે ફાંસો ખાઈ આપઘાતની કોશિષ કરી સારવાર અર્થે ખસેડાયો

કાલોલ, કાલોલ તાલુકાના પલાસા ગામે રહેતા ૧૭ વર્ષીય યુવકે કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈ લેતાં સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના પલાસા ગામે રહેતા પુષ્પરાજ દેવેન્દ્રસિંહ ગોહિલ ઉ.વ.૧૭ એ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈને આપઘાતની કોશિષ કરી હતી. ઘરના લોકો દેખી જતાં યુવકને નીચે ઉતારીને તાત્કાલીક સારવાર અર્થે કાલોલ ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો. આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## વેજલપુર ગામે સોશિયલ ડિસ્ટન્સના જાહેરનામાંના ભંગમાં ૧૪ વ્યકિતઓની અટકાયત

વેજલપુર, પંચમહાલ જિલ્લાની વેજલપુર પોલીસે કોરોના અંતર્ગત સોશિયલ ડિસ્ટન્સના જાહેરનામાંનો ભંગ કરવા બદલ ૧૪ વ્યકિતઓની અટકાય કરી હતી.

પંચમહાલ જિલ્લામાં કોરોનાના કેસો વધવાને પગલે જિલ્લા તંત્ર દ્વારા ચાર અને ચારથી વધુ લોકોના કોઈપણ સ્થળે ભેગા થવા પર પ્રતિબંધ અમલમાં મુકયો છે. તેમ છતાં વેજલપુરમાં જાહેરનામાંનો ભંગ કરી બેફિકરાઈથી ટોળે ટોળા વળતા લોકો સામે વેજલપુર પોલીસે લાલ આંખ કરતા મહેલોલ ચોકડી પશુ દવાખાના પાસે હાઈવે પર આવેલી એક ચાની લારી પાસે જાહેરનામાંનો ભંગ કરીને એકઠા થયેલા પાંચ જેટલા ઈસમોને તેની નજીકમાં પશુ દવાખાના પાસે આવેલા ઓટલા ઉપર ભેગા થઈને વાતો કરતા અન્ય પાંચ ઈસમોને મહેલોલ ચોકડી પ્રભાત કોમ્પ્લેક્ષ પાસે રોડ ઉપર ટોળુ થઈને વાતો કરતા ચાર ઈસમો એક કુલ મળીને ૧૪ જેટલા ઈસમો સામે ટોળા વળીને સોશિયલ ડિસ્ટન્સિંગનો ભંગ કરી ગુનો દાખલ કરી તમામની અટકાયટ કરી હતી.

## હાલોલની જવેલર્સની દુકાનમાંથી ગઠિયાઓએ નજર ચુકવી ૩ લાખના દાગીનાની ચોરી

હાલોલ, હાલોલ બજારમાં ધાર્મિક જવેલર્સમાં અશ્વિનભાઈ રસીકભાઈ સોની બેઠા હતા દરમિયાન એક પચાસ અને બીજો પાંત્રીસેક વર્ષની ઉંમરના માથે ટોપી અને મોંઢા પર માસ્ક પહેરેલ બે ગ્રાહકો દુકાનમાં આવી સોનાના પેન્ડલ લેવાનુ કહેતા અશ્વિનભાઈએ દાગીના બતાવવાનુ શરૂ કર્યુ હતુ. એક ગઠિયાએ અશ્વિનભાઈની નજર ચુકવી દાગીનાનુ પેકેટ ગજવામાં મુકી દીધુ હતુ. જેમાં સોનાના પેંડલ, રીંગો, સહિત ૭૦ ગ્રામ વજન કિંમતના ૩ લાખ ઉપરાંતના દાગીના ગઠિયાઓએ ચોરી કરી બહાનુ કરી રવાના થઈ ગયા હતા. ત્યારબાદ અશ્વિનભાઈને દાગીનાનુ એક પેકેટ ઓછુ લાગતા ગઠિયાઓ દાગીનાનુ પડીકુ લઈ ગયા છે તેવુ સીસીટીવીમાં જોતા અશ્વિનભાઈએ દુકાનદારોમાં જાણ કરતા લોકો ગઠિયાઓને શોધવા નીકળ્યા હતા પણ તેઓનો કોઈ પત્તો લાગ્યો ન હતો. આખરે ઘટના અંગે સોની સમાજના વેપારીઓએ ભેગા મળી પોલીસ ફરિયાદ નોંધાવી હતી.